# પ્રસાર ભારતી
## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 20-Nov-2024 સવારે : 7.45 થી 7.55

1) પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ જી-20 સમિટમાં ટકાઉ વિકાસ અને ઉર્જા પરિવર્તન પર પ્રથમ સત્રને સંબોધિત કરતાં ભારત દ્વારા લેવામાં આવેલા પગલાઓનો વિગતવાર ઉલ્લેખ કર્યો.
2) 19મી જી-20 સમિટ ગઈકાલે બ્રાઝિલના શહેર રિયો-ડી-જાનેરોમાં પૂર્ણ થઈ. બ્રાઝિલના રાષ્ટ્રપતિએ સંગઠનની જવાબદારી દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિને સોંપી.
3) ઝારખંડ અને મહારાષ્ટ્રમાં આજે યોજાયેલી વિધાનસભાની ચૂંટણી માટે મતદાન સવારે 7 વાગ્યે શરૂ થયું છે.
4) 55મો ભારત આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ આજે ગોવામાં સમારોહ સાથે શરૂ થશે.
5) કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ગઇકાલે ગુજરાતના હિંમતનગરમાં બાયોગેસ અને બાયો ફ્યુલ સંચાલિત કાર રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.
6) હોકીમાં આજે બિહારના રાજગીરમાં મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ભારતનો ચીન સાથે મુકાબલો.

### *PM-G20-ADDRESS*

**પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ જી-20 સમિટના બીજા દિવસે ટકાઉ વિકાસ અને ઉર્જા પરિવર્તન પર પ્રથમ સત્રને સંબોધિત કરતાં ભારત દ્વારા લેવામાં આવેલા**

પગલાઓનો વિગતવાર ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ કહ્યું કે નવી દિલ્હી જી-20 સમિટ દરમિયાન, જૂથે 2030 સુધીમાં પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા ત્રણ ગણી અને ઊર્જા કાર્યક્ષમતા દર બમણા  કરવાનું વચન આપ્યું હતું. તેઓએ ટકાઉ વિકાસની પ્રાથમિકતાઓને આગળ ધપાવવાના બ્રાઝિલના નિર્ણયને આવકાર્યો.

ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે ભારત દ્વારા લેવામાં આવેલા પગલામાં છેલ્લા 10 વર્ષમાં ચાર કરોડ પરિવારોને આવાસ પૂરા પાડવા, છેલ્લા પાંચ વર્ષમાં 12 કરોડ પરિવારોને પીવાનું શુદ્ધ પાણી, 10 કરોડ પરિવારોને સ્વચ્છ રસોઈ ઇંધણ અને 11 કરોડ પચાસ લાખ પરિવારોને શૌચાલય આપવાનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીએ પેરિસની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરનાર પ્રથમ G20 દેશ બનવામાં ભારતની સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું કે ભારતે 2030 સુધીમાં 500 ગીગાવોટ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન કરવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે, જેમાંથી 200 ગીગાવોટ હાંસલ કરવામાં આવ્યો છે.

તેમણે આંતરરાષ્ટ્રીય સોલર જોડાણ, મિશન લાઈફ, વન સન વન વર્લ્ડ વન ગ્રીડ અને ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સ ફોર એ સસ્ટેનેબલ અર્થ જેવી વૈશ્વિક પહેલોનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ  વિકાસશીલ દેશો, ખાસ કરીને નાના ટાપુ રાજ્યોની ટકાઉ વિકાસ જરૂરિયાતોને પ્રાધાન્ય આપવાનું આહ્વાન કર્યું હતું. તેમણે 3જી વોઈસ ઓફ ધ ગ્લોબલ સાઉથ સમિટમાં ભારત દ્વારા જાહેર કરાયેલ ગ્લોબલ ડેવલપમેન્ટ કોમ્પેક્ટને સમર્થન આપવા હાકલ કરી હતી.

ગ્લોબલ ડેવલપમેન્ટ કોમ્પેક્ટ એ વૈશ્વિક સુખાકારી માટે ડિજિટલ તકનીકોના ઉપયોગ પર સંયુક્ત રાષ્ટ્રના સભ્યો દ્વારા બિન-બંધનકર્તા કરાર છે, જેનો હેતુ ડિજિટલ વિભાજનને ઘટાડીને, કૃત્રિમ બુદ્ધિનું નિયમન કરીને અને પડકારોની શ્રેણીને સંબોધીને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

.................

## *G20-CLOSING-CEREMONY*

19મી જી-20 સમિટ ગઈકાલે બ્રાઝિલના શહેર રિયો-ડી-જાનેરોમાં પૂર્ણ થઈ હતી. બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાએ સંગઠનની જવાબદારી હવે દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાને સોંપી. તેમની સમાપન ટિપ્પણીમાં, રાષ્ટ્રપતિ લુલાએ તેમના બ્રાઝિલના રાષ્ટ્રપતિ દરમિયાન લેવામાં આવેલા વિવિધ પગલાઓની ચર્ચા કરી. આમાં ભૂખ અને ગરીબી સામે વૈશ્વિક સંગઠનની શરૂઆત અને નાણા મંત્રીઓ અને કેન્દ્રીય બેંકોના એજન્ડામાં કરવેરા અને આબોહવા પરિવર્તનનો સમાવેશ અને જૈવ-અર્થતંત્ર પરના પ્રથમ બહુપક્ષીય દસ્તાવેજની મંજૂરીનો સમાવેશ થાય છે. આ પગલાંઓમાં વૈશ્વિક શાસનને વધુ અસરકારક અને પ્રતિનિધિત્વ અને G-20 સામાજિક દ્વારા સમુદાય સાથે સંવાદ કરવા તરફ કામ કરવાનો પણ સમાવેશ થાય છે.

રાષ્ટ્રપતિ લુલા દા સિલ્વાએ કહ્યું કે દક્ષિણ આફ્રિકાના પ્રમુખપદ પછી, તમામ G20 દેશો ઓછામાં ઓછા એક વખત સતત સંગઠનનું નેતૃત્વ લેશે.

બ્રાઝિલ ગયેલા અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે G-20ની બ્રાઝિલ પરિષદ સાથે વિકાસશીલ દેશોના પ્રમુખપદનો ચાર વર્ષનો ક્રમ પૂર્ણ થશે જેમાં ઈન્ડોનેશિયા, ભારત, બ્રાઝિલ અને હવે દક્ષિણ આફ્રિકાને સંસ્થાની લગામ સોંપવામાં આવી છે.

.................

## *PM-GUYANA-VISIT*

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી રિયો ડી જાનેરોમાં G-20 સમિટમાં ભાગ લીધા બાદ ત્રણ દિવસની મુલાકાતે ગયાના જવા રવાના થયા છે. 1968 પછી ભારતીય પ્રધાનમંત્રીની ગયાનાની આ પ્રથમ મુલાકાત છે. શ્રી મોદી જ્યોર્જ ટાઉનમાં ગયાનાના રાષ્ટ્રપતિ ડૉ. મોહમ્મદ ઈરફાન સાથે વાતચીત કરશે. તેઓ બીજી કેરીકોમ-ઈન્ડિયા સમિટમાં પણ ભાગ લેશે. CARICOM એટલે કે કેરેબિયન કોમ્યુનિટી એન્ડ કોમન

માર્કેટ એ 20 વિકાસશીલ દેશોનું જૂથ છે. પ્રધાનમંત્રી  CARICOM સભ્ય દેશોના નેતાઓ સાથે બેઠક કરશે. આ મંત્રણામાં આ પ્રદેશ  સાથે ભારતની લાંબા સમયથી ચાલતી મિત્રતાને વધુ મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા થશે.

પ્રધાનમંત્રી  મોદી ગયાનાની સંસદને પણ સંબોધિત કરશે. તેમની મુલાકાત દરમિયાન તેઓ ભારતીયોને પણ મળશે.

.................

## *JHARKHAND, MAHARASTRA ELECTION*

ઝારખંડ અને મહારાષ્ટ્રમાં આજે યોજાયેલી વિધાનસભાની ચૂંટણી માટે મતદાન સવારે 7 વાગ્યે શરૂ થયું છે. સાંજે 5 વાગ્યે સમાપ્ત થશે. ઝારખંડમાં 12 જિલ્લાની 38 બેઠકોના બીજા અને અંતિમ તબક્કા માટે મતદાન થશે..કેટલાક સંવેદનશીલ મતદાન મથકો પર, મતદાન માત્ર 4 વાગ્યે સમાપ્ત થશે. આ તબક્કામાં પાંચસો ૨૮ ઉમેદવારો મેદાનમાં છે.

ઝારખંડના મુખ્ય ચૂંટણી અધિકારી કે. રવિ કુમારે લોકોને કોઈપણ ડર વગર મતદાન કરવાની અપીલ કરી છે.

મહારાષ્ટ્રની તમામ 288 બેઠકો માટે એક જ તબક્કામાં ચૂંટણી યોજાઈ છે. મતદાન સવારે 7 વાગ્યે શરૂ થયું છે અને સાંજે 6 વાગ્યે સમાપ્ત થશે. આ વખતે કુલ ચાર હજાર એકસો ૩૬  ઉમેદવારો મેદાનમાં છે જેમાં બે હજાર ૮૬  અપક્ષ ઉમેદવારોનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોક્કલિંગમે કહ્યું કે રાજ્યમાં લગભગ પાંચ લાખ ચૂંટણી કાર્યકરો એક લાખ ચારસો ૨૭  મતદાન મથકોની વ્યવસ્થાનું ધ્યાન રાખશે.

આ ઉપરાંત મહારાષ્ટ્રના નાંદેડ સંસદીય ક્ષેત્ર અને પંજાબ, ઉત્તર પ્રદેશ, કેરળ અને ઉત્તરાખંડની કુલ ૧૫  વિધાનસભા બેઠકો માટે પણ આજે પેટાચૂંટણી યોજાશે. તમામ રાજ્યોની મતગણતરી આ શનિવારે થશે.

ઝારખંડમાં આજે જે ખાસ ઉમેદવારોના રાજકીય ભાવિનો નિર્ણય થશે તેમાં - મુખ્ય મંત્રી હેમંત સોરેન, પ્રમુખ રવીન્દ્ર નાથ મહતો, ભાજપ રાજ્ય શાખાના પ્રમુખ બાબુલાલ મરાંડી, વિપક્ષના નેતા અમરનાથ કુમાર બૌરી, ઓલ ઝારખંડ વિદ્યાર્થી સંઘના પ્રમુખ સુદેશ કુમાર મહતો અને કલ્પના સોરેન સમાવેશ થાય છે. ચાર મંત્રીઓ – ઈરફાન અંસારી, હાફીઝ ઉલ હસન, દીપિકા પાંડે સિંહ અને બેબી દેવી પણ મેદાનમાં છે

સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક બૂથ પર કેન્દ્રીય અર્ધલશ્કરી દળો તૈનાત કરવામાં આવ્યા છે. આંતર-જિલ્લા સરહદો સીલ કરી દેવામાં આવી છે. બિહાર અને પશ્ચિમ બંગાળના સરહદી વિસ્તારોમાં ઘૂસણખોરી અને અસામાજિક તત્વો પર અંકુશ રાખવા માટે સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે હેલિકોપ્ટરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................

## *IFFI*

55મો ભારત આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ  આજે ગોવામાં ભવ્ય ઉદઘાટન સમારોહ સાથે શરૂ થઈ રહ્યો છે. જે આ મહિનાની 28 તારીખ સુધી ચાલુ રહેશે. ગોવાના મુખ્યમંત્રી ડૉ. પ્રમોદ સાવંતે ગઈ કાલે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી સ્ટેડિયમની

મુલાકાત લીધી હતી અને તૈયારીઓની સમીક્ષા કરી હતી. આકાશવાણી સાથે વાત કરતા તેમણે કહ્યું કે ઉદ્ઘાટન સમારોહની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

આકાશવાણી સાથે વાત કરતા માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ કહ્યું કે આ વર્ષે ફિલ્મ મહોત્સવમાં ઘણી નવી પહેલ કરવામાં આવી છે અને તે યુવા ફિલ્મ નિર્માતાઓને સમર્પિત છે. તેમણે કહ્યું કે 100 યુવા પ્રતિભાઓ ક્રિએટીવ માઇન્ડ ઓફ ટુમોરો પ્લેટફોર્મ પર તેમની સર્જનાત્મક ક્ષમતાઓ રજૂ કરશે. આ વર્ષે એકસો દેશોની ચારસોથી વધુ ફિલ્મો મહોત્સવમાં  બતાવવામાં આવશે.

.................

## AMIT SHAH, BAYOGAS

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે ગુજરાતના હિંમતનગરમાં બાયોગેસ અને બાયો ફ્યુલ સંચાલિત કાર રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું.આ કાર રેલી ૨૬ નવેમ્બર રાષ્ટ્રીય દૂધ દિવસે દિલ્હી પહોંચશે

અમૂલ અને મારૂતી સુઝુકીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ કાર રેલીનો મુખ્ય આશય ભારતભરમાં બાયોગેસની જાગૃતતા ફેલાવવા માટેનો છે..

આ ઉપરાંત શ્રી શાહે બનાસકાંઠાની સાબરડેરીના દૈનિક 800 મેટ્રિક ટનની ક્ષમતાના પશુઆહાર ઉત્પાદનના પ્લાન્ટના ઉદઘાટન પ્રસંગે મહિલા પશુપાલકો સાથે પણ સંવાદ સાધ્યો હતો...

.................

## HOCKEY-FINAL

હોકીમાં, ભારતનો  આજે બિહારના રાજગીરમાં મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં ચીન સાથે મુકાબલો છે. યજમાન ટીમે  ગઈ કાલે સેમિફાઇનલમાં જાપાનને 2-0થી હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ભારત માટે, નવનીત કૌરે 48મી

મિનિટે પેનલ્ટી સ્ટ્રોકને ગોલમાં ફેરવ્યો, જ્યારે લાલરેમસિયામીએ 56મી મિનિટે ફિલ્ડ પ્લેમાંથી સ્ટ્રોક કર્યો.

ભારતે ગ્રુપ સ્ટેજની તમામ મેચો જીતીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

ગઈ કાલે પ્રથમ સેમિફાઇનલમાં, ચીને તે જ સ્થળે મલેશિયાને 3-1થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. આ જીત સાથે, ચીને છ રમતોમાંથી પાંચ જીત મેળવી, જ્યારે મલેશિયાને 2 જીત અને 4 હાર મળી છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ....

- આજે મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીનાં સમાચાર મોટાં ભાગનાં અખબારોની હેડલાઇન છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે- મહારાષ્ટ્રમાં મતદાન પહેલાં જ વિવાદ- કેશ ફોર વોટ કાંડ ભાજપનાં વિનોદ તાવડે ફસાયાઃ આ જ સમાચારને તમામ દૈનિકોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે. દિવ્ય ભાસ્કરે હેડીંગ કર્યું છે- વોટ પહેલાં નોટની ગણતરી. વિનોદ તાવડે પાસેથી નવ લાખ 93 હજાર રૂપિયા જપ્ત.
- ફુલછાબની હેડલાઇન છે- દુનિયામાં દહેશતઃ અણુયુધ્ધનો અંદેશ
- ગુજરાત સમાચારનો અહેવાલ જણાવે છે કે- 263નાં એર ક્વોલિટી ઇન્ડેક્સ સાથે સુરતની હવા સૌથી પ્રદૂષિત-ગુજરાતમાં હાલ દિવસની બે સિગારેટ પીવા જેટલું પ્રદૂષણ
- કોંગ્રેસે બિનખેડૂત ખેતીની જમીન ખરીદી શકે તેવા કાયદાનો વિરોધ કર્યો છે.-આ સમાચારને સંદેશ અને નવગુજરાત સમયે સ્થાનિક પર પ્રકાશિત કર્યા છે

- દિવ્ય ભાસ્કરનો વિશેષ અહેવાલ જણાવે છે કે- ગુજરાતની પંચાયતોએ પાંચ વર્ષમાં ચાર હજાર એક સો કરોડ રૂપિયાનો વેરો અને ફી વસૂલ્યાઃ દેશમાં પ્રથમ ક્રમે
- આયુર્વેદ અને હોમિયોપેથિક કોલેજોનાં ગ્રેડિંગનાં સમાચાર પણ સ્થાનિક પાનાઓ પર જોવા મળે છે. સંદેશ જણાવે છે કે ગુજરાતની 10 હોમિયોપેથિક કોલેજને એ પ્લસ ગ્રેડ

--------------